**ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતી, લાયકાતો અને તેમને નોકરીમાં ચાલુ રાખવા અંગે.**

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: ઉમશ-૧૧૮૩-૧૧૦૨૭-ગ૧,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૯-૬-૧૯૮૩.

વંચાણમાં લીધા :- ૧. શિક્ષણ વિભાગનો તા. ૧૭-૫-૧૯૮૨ નો પરિપત્ર - ક્રમાંક: ઉમશ-૧૧૮૨-૨૫૪૧૭-ગ૧.

૨. શિક્ષણ વિભાગનો તા. ૨૮-૫-૧૯૮૧નો પરિપત્ર - ક્રમાંક: ઉમશ-૧૧૮૦-૨૭૮૦-ગ૧.

**પરિપત્ર :-**

રાજ્યમાંની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિમણૂંક અને તેમની નોકરીની સલામતી અંગે સરકારે વખતોવખત ઉપરોક્ત પરિપત્રોથી હુકમો બહાર પાડ્યા છે. સરકારે હવે નક્કી કર્યું છે કે જે જે બિન-તાલીમી ઉમેદવારોને ૧૯૮૨-૮૩ ના વર્ષ સુધીમાં તદર્થ તરીકે નિમણૂંક આપીને નોકરી ઉપર રાખવામાં આવ્યા છે તેમને વધુ એક વર્ષ માટે એટલે કે ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષના અંત સુધી તેમની જે તે જગાની નોકરીમાં ચાલુ રાખવા અને તદ્ અનુસાર તેમનો પગાર ખર્ચ અનુદાનને માટે માન્ય ગણવામાં રહેશે. વિશેષમાં ઓછી લાયકાત/અનુભવવાળા જે જે શિક્ષકો હાલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજો બજાવે છે તેમણે પણ અનુસ્નાતકની પદવી આગામી એક વર્ષ સુધીમાં પ્રાપ્ત કરી લેવાની રહેશે અને ત્યાં સુધી તેમને હાલની જગા પર ચાલુ રાખીને તેમના પગારખર્ચને અનુદાનને પાત્ર ગણવાનાં રહેશે.

૨. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મદદનીશ શિક્ષકોની જગા ઉપર ભરતી કરતી વખતે નીચેના ક્રમ પ્રમાણે જ ભરતી કરવામાં આવે તેમ જોવા આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને વિનંતી કરવામાં આવે છે :-

(૧) પ્રથમ પસંદગી એવા ઉમેદવારને આપવી કે જે તાલીમી અનુસ્નાતક (પ્રથમ વર્ગ) એટલે કે ટ્રેઇન્ડ પોસ્ટ-ગ્રેજ્યુએટ (ફર્સ્ટ ક્લાસ) હોય;

(૨) જો ઉપરોક્ત લાયકાતવાળા ઉમેદવાર ન મળે તો એવા ઉમેદવારની પસંદગી કરવી કે જે તાલીમી અનુસ્નાતક (બીજો વર્ગ) એટલે કે ટ્રેઇન્ડ પોસ્ટ-ગ્રેજ્યુએટ (સેકન્ડ ક્લાસ) હોય; અને

(૩) જો ઉપરોક્ત બન્ને પ્રકારની લાયકાતવાળા ઉમેદવારો ન મળે તો ત્રીજા વર્ગ સાથે ઉત્તીર્ણ થયેલ તાલીમી અનુસ્નાતકને લેવા. આમ છતાં જો આવા ત્રણ પ્રકારની લાયકાતવાળા ઉમેદવારો ન મળે તો મુકરર કરેલ અનુભવવાળા તાલીમી સ્નાતકોથી જગા ભરવાની રહેશે.

ઉપરોક્ત તમામ પ્રકારના ઉમેદવારો ન મળે એમ હોય તો બિનતાલિમી અનુસ્નાતકો એટલે કે અનટ્રેઇન્ડ પોસ્ટ-ગ્રેજ્યુએટ્સ લેવાની છૂટ આપવાની રહેશે અને અનુસ્નાતકો એટલે કે અનટ્રેઇન્ડ પોસ્ટ-ગ્રેજ્યુએટ્સ લેવાની છૂટ આપવાની રહેશે અને આવા કિસ્સામાં પણ ઉપર મુજબ પ્રથમ પસંદગી ફર્સ્ટ ક્લાસ પોસ્ટ-ગ્રેજ્યુએટને, ત્યાર બાદ સેકન્ડ ક્લાસમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારને અને ત્યાર બાદ ત્રીજા વર્ગ સાથે ઉત્તીર્ણ થયેલ પોસ્ટ-ગ્રેજ્યુએટને આપવાની રહેશે.

૩. ઉપર પ્રમાણેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તેમ જોવા અને આ સુચનાઓનું પાલન કરવામાં ચૂક કરનાર શાળા કે આ સૂચનાઓનું પાલન કરવાની આનાકાની કરનાર શાળા સામે અનુદાન-સહાય નિયમ-સંગ્રહના અનુલક્ષીને ગ્રાન્ટ કાપવા પગલાને પાત્ર ગણી આગળની કાર્યવાહી કરવા જિલ્લા શિક્ષણાધિકારીઓને વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

વી. આર. શાહ,
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ// સંયુકત શિક્ષણ નિયામક (૧૦+૨ ખાસ ઘટક)
પાટનગર યોજના ભવન, એલીસબ્રીજ, અમદાવાદ-૬// તમામ જિલ્લા શિક્ષણાધિકારી//
સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર//(X) રજીસ્ટ્રાર, ગુજરાત માધ્યમિક શિક્ષણ ટ્રીબ્યુ ગુલબાઇ ટેકરા, પોલીટેકનીક હોસ્ટેલ બિલ્ડીંગ, અમદાવાદ-૧૫// વિભાગની ગ્રંથ, અને ખ-૧ શાખા//
શ્રી પ્રવિણ બારોટ ગુ. રા. ઉ. મા. શિ. સંઘ મહામંડળ, પ્રમુખ, ચોવટો, ભંડારી પાડો, પાટણ (જી. મહેસાણા)
શ્રી મનુભાઇ જી. રાવલ, મહામંત્રી, ગુ. રા. ઉ. મા. શિ. સંઘ મહામંડળ, ૧૭૧, ચાણકયપુરી વિભાગ-૨, ઘાટલોડીયા રેલ્વે ક્રોસીંગ પાસે, અમદાવાદ-૬૧.
(X) પત્ર દ્વારા.